જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૩/૨૦૨૦  મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૫૩૫/૨૦૨૦**

# ગુમ થયેલ બાળકો શોધી તેના માતા-પિતા ને સોંપ્યા અંગેની વિગત

**નરોડા પોલીસ સ્ટેશન :**

## નરોડા પોલીસ “શી ટીમ” દ્વારા વિખુટા પડેલા બાળકોને તેમના માતા પિતા સાથે મેળાપ કરાવ્યો

આજરોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે અધીક પોલીસ કમીશ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪સાહેબ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓની આગેવાની હેઠળ “શી ટીમ “ દ્વારા નરોડા પાટીયા એસ.આર.પી ગૃપ-૨ ના મેઈન ગેટ પાસેથી ત્રણ બાળકો મળી આવતા જે નરોડા પોલીસ સ્ટેશનની “શી ટીમ” દ્વારા તે બાળકોને મળી તેઓનુ કાઉન્સીલીંગ કરી તેઓના વાલીવારસની શોધ કરી ભાળ મળતા તેઓના બાળકો સહી સલામત તેમના માતા પિતાને સોંપેલ છે.



# SHE ટીમની કામગીરી

| | |
|---|---|
| કારંજ પોલીસ પોલીસ સ્ટેશન ની સી ટીમ દ્વારા સવારના કલાક ૧૦/૦૦ થી બપોરના ૨/૦૦ સુધી સરદારબાગ, સરદારબાગ પાસે આવેલ નિર્જન વિસ્તાર, એ.એમ.ટી.એસ સ્ટેન્ડ, પટવાશેરી, ત્રણ દરવાજા સુધી ફુટ પેટ્રોલીગ કરી રોમીયો વોચ કરેલ ત્યારબાદ બપોરના ૪/૦૦ થી રાતના ૮/૦૦ સુધી ભદ્ર મંદિર, ભદ્ર પરીસર, બહુચરમાતાના મંદિર, જીલ્લા પંચાયત, અખંડાનંદ સર્કલ તથા વિસ્તારમાં આવેલ સિનિયર સિટીઝન નાઓની માહિતી અપડેટ કરેલ છે. |  |
|  |  |
| રાણીપ પોલીસ સ્ટેશન ની સી ટીમ દ્વારા વિસ્તારમાં સવારના કલાક ૧૦/૦૦ થી બપોરના ૧/૩૦ સુધી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી નવા સિનિયર સિટીઝન સાથે મુલાકાત કરી ત્યારબાદ સાંજના ૫/૦૦ થી ૭/૦૦ દરમ્યાન રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ કરવામા આવ્યુ. |  |
|  |  |

| | |
|---|---|
| રિવર ફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશન ની સી ટીમ દ્વારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી ત્યાં હાજર રહેલ છોકરીઓને ૧૦૦,૧૮૧,૧૦૯૧ નંબર ની માહિતી આપી તેમજ કોરોના વાઈરસ અનુસંધાને માસ્ક પહેરવા અને હાથ નહી મીલાવી નમસ્તે કરવા અંગે માહિતી આપી |  |
|  |  |

# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## મિલ્કત સબંધી આરોપીની પાસા અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે. પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા ઈન્ચાર્જ મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. વી.ડી.વાળા નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા આફતાબ ઉર્ફે અત્તુ સ/ઓ મુખ્તીયાર અહેમદ જાતે અંસારી ઉવ.૧૮ વર્ષ ૩ માસ રહે, મ.નં.૭ અલતાહા ડુપ્લેક્ષ ગોલ્ડન પાર્કની અંદર બીબી તળાવની પાસે વટવા અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) રખિયાલ પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૦૦૪૧/૨૦૨૦ ઈપીકો ૩૭૯(એ)૩, ૧૧૪ મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૦૧૫૮/૨૦૨૦ ઈપીકો ૩૭૯ મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૨૮૪/૨૦૨૦ તા.૧૬/૦૩/૨૦૨૦ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૬/૦૩/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નારોલ પોલીસ સ્ટેશન**

## પ્રોહીબિશનની પ્રવુતિ સાથે સંકળાયેલ આરોપણબેનને પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ (૧) નારોલ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૦૮૫/૨૦૧૯ પ્રોહી એકટ કલમ- ૬૫(ઇ), ૮૧, ૯૮(૨), મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૧૦૬/૨૦૧૯ પ્રોહી એકટ કલમ- ૬૬(બી), ૬૫(ઇ), ૮૧, ૯૮(૨), મુજબ તથા (૩) નારોલ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૧૬૮/૨૦૧૯ પ્રોહી એકટ કલમ- ૬૬(બી), ૬૫(ઇ) મુજબ તથા (૪) નારોલ પો.સ્ટે. પાર્ટ-સી ગુ.ર.નં.૨૦૦૧૫૬/૨૦૨૦ પ્રોહી એકટ કલમ- ૬૫(ઇ) મુજબના ગુનાઓના કામના આરોપણબેન : તખુબા વા/ઓ બળવંતસિંહ સોલંકી ઉ.વ.૫૫ રહે, સુદામા એસ્ટેટ વિન્સમ હોટલની પાછળ દેવસત્ય કાંટાની બાજુમાં નારોલ અમદાવાદ શહેર નાઓની પ્રોહીબિશનની પ્રવુત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૨૮૬/૨૦૨૦ તા.૧૬/૦૩/૨૦૨૦ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર આરોપણબેનને આજરોજ તા : ૧૬/૦૩/૨૦૨૦ ના કલાક ૧૮/૩૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૧૬.૦૩.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી મિલ્કત સબંધી પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના વટવા તથા રખીયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી મો.સા.ઉપર આવી ચાલતા જતા મરણ જનાર ઈસમના ખિસ્સામાથી મો.ફ્રોન તથા રોક્ડા નાણાની લુટ કરતા મરણ જનારે પ્રતિકાર કરતા સાગરિતે મરણ જનારની છાતીના ભાગે તથા શરીરે ગંભીર ઈજા કરી મોત નિપજાવનાર તથા અન્ય કિસ્સામા લોકોની પાર્ક કરેલ મો.સા.ડુપ્લીકેટ ચાવી થી લોક ખોલી અગર તોડી ચોરી કરનાર માથાભારે અને ઝનુની સ્વભાવના ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે મોહમદ ઈર્શાદ ઉર્ફે એક્કો મોહમંદ હાસીમ શેખ રહેવાસી- નીજામભાઈની ચાલી કાદરભાઈના મકાનમા શાહ આલમ દરગાહની સામે મિલ્લતનગર શાહઆલમ અમદાવાદ શહેર મુળ રહેવાસી- મ.ન.૧૯૬૮ એ બ્લોક હોલબીકલા ઝુપડપટ્ટી બાલાજી ગલી નરેલાની બાજુમા દિલ્હી અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોહમદ ઈર્શાદ ઉર્ફે એક્કો મોહમંદ હાસીમ શેખ રહેવાસી- નીજામભાઈની ચાલી કાદરભાઈના મકાનમા શાહ આલમ દરગાહની સામે મિલ્લતનગર શાહઆલમ અમદાવાદ શહેર મુળ રહેવાસી- મ.ન.૧૯૬૮ એ બ્લોક હોલબીકલા ઝુપડપટ્ટી બાલાજી ગલી નરેલાની બાજુમા દિલ્હી અમદાવાદ |

- આ ઉપરાંત શરીરસબંધી તથા પ્રોહીબીશન સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય **3** ઇસમો મળી **<u>કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને સુરત વડોદરા રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.